# પ્રેમમાં પડેલા પિતરાઈ ભાઈ બહેનનો ઝુંડાલ કેનાલમાં આપઘાત

## પરિણીત યુવાન તેની પિતરાઈ બહેન સાથે બેસતા વર્ષે ઘરેથી નીકળી ગયો હતો : હાથે દુપટ્ટો બાંધીને બંનેએ છલાંગ લગાવી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીકના ચાંદખેડા વિસ્તારમાં રહેતા પિતરાઈ ભાઈ-બહેન વચ્ચે પ્રેમ સંબંધ બંધાઈ ગયા બાદ બન્નેએ નવા વર્ષે જ ઘર છોડી દઈ કેનાલમાં આપઘાત કરી લીધાનો વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગાંધીનગર ફાયરબ્રિગેડને ટીમે આજે હાથે દુપટ્ટો બાંધેલી હાલતમાં બન્નેના મૃતદેહ નર્મદા કેનાલમાંથી બહાર નિકાળીને પોલીસને સોંપતા અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

અડાલજ પાસેથી પસાર થતી ઝુંડાલ નર્મદા કેનાલ પર ફરજ બજાવતા સિક્યુરીટી ગાર્ડને આજે સવારે ઝુંડાલ કેનાલમાં પાણીમાં બે મૃતદેહ તરતા દેખાતા ગાંધીનગર ફાયરબ્રિગેડ અને અડાલજ પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. ફાયરબ્રિગેડની ટીમે કેનાલમાંથી હાથે દુપટ્ટો બાંધેલી હાલતમાં યુવક-યુવતીના મૃતદેહ બહાર નીકાળી અડાલજ પોલીસને સોંપ્યા હતા. પીએસઆઈ બી.કે. વાઘેલાએ તપાસ કરતા બહાર આવ્યું કે આ બન્ને યુવક-યુવતી પિતરાઈ ભાઈ બહેન છે ચાંદખેડાના શુભમનગર પાર્ક સોસાયટીમાં રહેતા ૨૭ વર્ષિય પરિણીત યુવાન જીગ્નેશ કાંતિલાલ વાઘેલા અને તેની પિતરાઈ બહેન ચાંદખેડાના અશ્વમેઘ સોસાયટીમાં રહેતી ૨૨ વર્ષીય અનિતા કનુભાઈ વાઘેલા બંને બેસતા વર્ષે ઘરેથી નીકળી ગયા હતા. આજે કેનાલ બહાર તેમનું નવુ નક્કોર એક્ટીવા મળી આવ્યું હતું અને હાથે દુપટ્ટો બાંધીને બંનેએ કેનાલમાં પડતુ મુકી આપઘાત કરી લીધો હતો. બંને પિતરાઈ ભાઈ-બહેન પ્રેમમાં પડ્યા બાદ લગ્ન શક્ય ન લાગતા આ પગલુ ભર્યુ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે મૃતક પરિણીત યુવકની પત્નિ છ મહિનાથી પિયર રહેતી હતી. અડાલજ પોલીસે બંનેના મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.




વસુદૈવ કુટુંમ્બકમ્ - દિવાળીના તહેવાર નિમિત્તે એ.એફ.એસ. સુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામ અંતર્ગત એમ.બી. પટેલ વિદ્યાલય ધોરણ-૧૧ માં અભ્યાસ કરી રહેલ અમેરિકાના ડેનીયલ હેરીસે અલગ-અલગ રાષ્ટ્રધ્વજોની રંગોળી બનાવી છે. એક વિદેશી યુવક દ્વારા ભારતીય તહેવારને ઉજવવાની અને સર્વે રાષ્ટ્રોને એક થવાની આ ઉમદા ભાવનાને વસાહતીઓ દ્વારા પ્રશંસા કરવામાં આવી છે. (તસવીર : કશ્યપ નીમાવત)

# અંબોડ ગામે નદીમાં ડુબી જતાં બે યુવાનોના મૃત્યુ

## મહેસાણાથી નવા વર્ષે અંબોડ મહાકાળી મંદિરે દર્શન કરવા પાંચ મિત્રો આવ્યા હતાં

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં સ્થિત અંબોડ ગામના સુપ્રસિધ્ધ મહાકાળી મંદિરે મહેસાણાથી પાંચ મિત્રોનું ગ્રુપ દર્શન કરવા બેસતા વર્ષે બાળકો લઈને આવ્યું હતું. દર્શન કરીને નીકળ્યા બાદ મંદિરની નજીકથી પસાર થતી નદીમાં પાંચે મિત્રો ન્હાવા પડયા હતાં જે પૈકી બે મિત્રો નદીમાં વધુ અંદર જતાં પાણીમાં ગરકાવ થઈ ગયા હતા બંને મિત્રોના ડુબી જવાથી મૃત્યુ નિપજયા હતાં. આ બનાવ અંગે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધીને તપાસ શરુ કરી છે.

મહેસાણાના એક ગામમાં રહેતા ૩૦ વર્ષીય રાજુજી બાબુજી ઠાકોર, ૨૯ વર્ખીય રાજેશ કમલાપ્રસાદ યાદવ સહિતના પાંચ મિત્રો પણ અલગ અલગ બાઈક લઈને ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં સ્થિત અંબોડ ગામના મહાકાળી મંદિરે દર્શન કરવા બેસતા વર્ષના દિવસે આવ્યા હતાં. પાંચેય મિત્રો દર્શન કરીને પરત ઘરે જવા નિકળ્યા ત્યાં મંદિર પાસેથી પસાર થતી નદી પર નજર પડતાં પાચેય મિત્રો નદીમાં ન્હાવા ગયા હતાં. પાંચેય મિત્રો નદીમાં ન્હાવા પડયા તેટલામાં પાંચ પૈકીના બે મિત્રો રાજેશ અને રાજુજી પાણીમાં ડુબી ગયા હતાં. બંને યુવાનોનાં પાણીમાં ડુબી જવાથી મૃત્યુ નિપજયા હતાં. નવા વર્ષે બપોરે અઢી વાગે આ ઘટના બની હતી. પ્રાંતિજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.




























